ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
આઝાદી કા અમૃત મહોત્સવ
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ- 1890/06/2023** **તા:21/06/2023**

## આજે સુરત ખાતે 9મો આંતરરાષ્ટ્રીય યોગ કાર્યક્રમ રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ,પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમાં એક ઐતિહાસીક રેકોર્ડ સાથે યોજાયો.

આજે સમગ્ર દુનિયા 9મો વિશ્વ યોગ દિવસ ઉજવી રહ્યુ છે અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની કેન્દ્ર સરકારને પણ સફળતાના 9 વર્ષ પુર્ણ થયા તે એક સંયોગ છે. – શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ

----

ગુજરાતમાં 72 હજારથી વધુ સ્થળો પર યોગ દિવસની ઉજવણી કરી તો વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં 180 દેશના પ્રતિનિધીઓ યુએન હેડક્વાર્ટરમાં યોગ અભ્યાસ કરશે. – શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ

----

યોગ ભારતની પ્રાચીન પરંપરાની અમુલ્ય ભેટ છે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વિશ્વભરના દેશોને યોગ કરવા જાગૃત કર્યા છે. – શ્રી સી.આર.પાટીલ

----

વહેલા જાગવામાં નહી પરંતુ મોડે સુધી સુરત શહેરની ગલીઓમાં સુરતને ધબકતુ રાખનાર સુરતીઓએ યોગ દિવસ નિમિત્તે અનોખો રેકોર્ડ રચ્યો છે. 1 લાખ થી વધુ લોકોએ ભેગા થઇ યોગ કર્યા. – શ્રી હર્ષભાઇ સંઘવી

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજે 21 જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે સમગ્ર વિશ્વમાં ઉજવાય છે દેશના યશસ્વી

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે 2014માં સંયુકત રાષ્ટ્રના સંબોધનમાં યોગ દિવસની 21 જૂનની તારીખનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો જેને 177 દેશો તરફથી સમર્થન મળ્યુ અને વિશ્વભરમાં આજના દિવસે યોગ કરી ઉજવણી કરવામાં આવે છે ત્યારે ગુજરાતમાં પણ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી.9માં આંતર રાષ્ટ્રીય યોગ દિવસમાં  રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી સહિત રાજયના મંત્રીશ્રીઓ શ્રી હર્ષભાઇ સંઘવી, શ્રી મુકેશભાઇ પટેલ સહિતના જિલ્લાના હોદેદારશ્રીઓ અને વિશાળ સંખ્યામાં ઉપસ્થિત જનસમુદાયે એક સાથે સુરતના y જંકશન ડુમસ રોડ ખાતે યોગ કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે સંબોધન કરતા જણાવ્યું કે, આજે વિશ્વ 9મો, વિશ્વ યોગ દિવસ ઉજવી રહ્યુ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની કેન્દ્ર સરકારને પણ સફળતાના 9 વર્ષ પુર્ણ થયા તે એક સંયોગ છે.ભારતની પ્રાચીન સંસ્કૃતિની સ્વાસ્થ્ય ધરોહર એવી યોગ વિદ્યાને સમગ્ર વિશ્વમાં પ્રચલીત કરવાનો શ્રેય આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને આપવો પડે. કોરોના જેવી મહામારીમાં યોગ સંજીવની સમાન બન્યા તે સૌ જાણે છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના પ્રયાસથી સંયુકત રાષ્ટ્રએ વર્ષ 2014થી 21 જૂનને આંતરરાજ્યમાં યોગ દિવસ તરીકે ઉજવવાની માન્યતા આપી ત્યારથી આજે વિશ્વમાં યોગ પ્રત્યે જાગૃતિ વધી છે. ગુજરાતમાં 72 હજારથી વધુ સ્થળો પર યોગ દિવસની ઉજવણી કરી તો વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં 180 દેશના પ્રતિનિધીઓ યુએન હેડક્વાર્ટરમાં યોગ અભ્યાસ કરશે. આપણી પ્રાચિન શક્તિને આજે આખુ વિશ્વ અનુભવી રહ્યુ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની પ્રેરણાથી ગુજરાતમાં યોગ બોર્ડની રચના કરી છે અને યોગ બોર્ડના માધ્યમથી રાજયભરમાં પાંચ હજારથી વધુ લોકોને રોજગારી આપી શક્યા છે અને લોકો યોગનો અભ્યાસ કરી રહ્યા છે.

આ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ સંબોધન કરતા જણાવ્યું કે, આજે યોગ દિવસે સુરત વાસીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી એક વિશ્વ રેકોર્ડ સર્જયો છે તે બદલ સુરતવાસીઓને અભિનંદન પાઠવું છું. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ફિટનેસ જાળવવા યોગ કરી દેશ અને દુનિયાને યોગનું મહત્વ સમજાવ્યું છે. બેઠાળુ જીવનમાં અને માનસીક તણાવ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
આઝાદી કા અમૃત મહોત્સવ
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

વચ્ચે સ્વસ્થ્ય રહેવાનો એક માત્ર ઉપાય યોગ છે. યોગ ભારતની પ્રાચીન પરંપરાની અમુલ્ય ભેટ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વિશ્વભરના દેશોને જાગૃત કરી યોગ કરવા સુચન કર્યું છે. આજે દેશવાસીઓ જોઇ રહ્યા છે કે ગુજરાતના સુરતમાં આજે ઐતિહાસીક રેકોર્ડ થયો છે તે બદલ અભિનંદન પાઠવું છું.

યોગ દિવસના કાર્યક્રમમાં રાજયના ગૃહમંત્રી અને રમતગમત મંત્રી શ્રી હર્ષભાઇ સંઘવીએ સંબોધન કરતા જણાવ્યું કે, વહેલા જાગવામાં નહી પરંતુ મોડે સુધી સુરત શહેરની ગલીઓમાં સુરતને ધબકતુ રાખનાર સુરતીઓએ યોગ દિવસ નિમિત્તે અનખો રેકોર્ડ રચ્યો છે. એક લાખ થી વધુ લોકોએ ભેગા થઇ મોટી સંખ્યામાં યોગ દિન કાર્યક્રમમાં જોડાયા છે. આજે સુરત શહેરના ઇન્ટરનેશનલ રોડ પર જ્યાં નજર પડે ત્યા સુરતવાસીઓ આજે યોગમય થયા છે જે બદલ રાજયસરકાર વતી આભાર વ્યકત કરુ છું. આ કાર્યક્રમને સફળ બનાવવા સામાજીક સંસ્થાઓ,પોલીસની ટીમ,વહીવટીતંત્રની ટીમ,ગુજરાત રાજય યોગ બોર્ડ,રમત-ગમત વિભાગ,તમામ લોકોને ખૂબ અભિનંદન પાઠવું છું.

આ પ્રસંગે રાજ્ય સરકાર ના મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ,ગુજરાત યોગ બોર્ડ ના ચેરમેન શ્રી શિશપાલ રાજપૂત, સુરત શહેર ના મેયર શ્રીમતી હેમાલીબેન બોઘવાલા, ડેપ્યુટી મેયર શ્રી દિનેશભાઈ જોધાણી, સુરત શહેર ના પ્રમુખ શ્રી નિરંજભાઈ ઝાંઝમેરા, ધારાસભ્યશ્રીઓ શ્રી સંદીપભાઈ દેસાઈ, શ્રીમતી સંગીતાબેન પાટીલ, શ્રી પ્રવીણભાઈ ઘોઘારી, શ્રી પૂર્ણેશભાઈ મોદી સહિત પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)